# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ
Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh-Mumbai સંચાલિત
## માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક બોર્ડ
Matushree Maniben Manshi Bhimshi Chhadva - Dharmik Shikshan Board
વાર્ષિક પરીક્ષા જૈનશાળા / મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ નું પેપર

સવાલ સાથે જવાબ પેપર

તા. ૦૭-૦૮-૨૦૧૬ • સમયઃ બપોરે ૨ થી ૫.૩૦ • શ્રેણી ૧૮ • ગુણ : ૧૦૦

(Dharmik Shikshan Board Certificate Course Level : 18


પ્રશ્ન - ૧ : (ક) દર્શનના અતિચાર અર્થ સહિત લખો :

જવાબ-૧ : (ક) સંકા = જૈન ધર્મને વિશે શંકા રાખવી તે.

કંખા = મિથ્યાત્વીના મતની ઇચ્છા કરવી.

વિતિગિચ્છા = કરણીના ફળમાં સંદેહ રાખવો.

પરપાસંડ પસંસા = બીજા પાખંડી મતના વખાણ કર્યા હોય.

પરરપાખંડ સંથવો = પાખંડી મતનો પરિચય કર્યો હોય.

(ખ) નીચેના શબ્દોના મૂળપાઠ લખો

જવાબ (ખ) સાથે ૧) માઠી ચિંતવણા કરી હોય. જ. : દુવ્વિચિંતિઓ

૨) દુષ્ટ વચનથી કરેલી જ. : વચ દુક્કડાએ

૩) અવિનીતપણે જ્ઞાન લીધું હોય, જ. : દુ ટ્ઠુપડિચ્છિયં

૪) પીવાના પદાર્થો અને માપની મર્યાદા. જ. : પેજ્જ વિહિં

(ગ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (પાંચમાંથી કોઈ પણ ચાર)

૧) બાર આવર્તન કયા કયા છે ?

જવાબ (ગ) : ૧) અહો, કાયં, કાય, જત્તાભે, જવણિ, જજંચભે - આ છ આવર્ત્તન અને બીજી વખત આ પાઠ બોલાય ત્યાં છ આવર્તન. - એમ ૧૨ આવર્તન થાય.

૨) 'ચરિતાર્થ'નો અર્થ શું છે ?

જ. :૨) પાપનો સર્વથા ત્યાગ કરવો તેને ચારિત્ર કહે છે. પરંતુ શ્રાવક મિથ્યાત્વનો સંપૂર્ણપણે અને બાકીના પાપોનો આંશિક (શક્તિ પ્રમાણે) ત્યાગ કરે તેથી શ્રાવકના વ્રતોને ચરિત્તાચરિત્તે કહે છે.

૩) પ્રથમ વ્રતને પ્રાણાતિપાત શા માટે કહે છે ?

જ. :૩) ત્રસ કે સ્થાવર જીવોના દસ પ્રાણમાંથી આયુષ્ય પ્રાણનો નાશ (હિંસા) કરવો તેને પ્રાણાતિપાત કહે છે.

૪) ચૌદ નિયમમાં પહેલા ૪ના ફક્ત નામ લખો.

જ. : ૪) ૧) સચેત, ૨) દ્રવ્ય ૩) વિગય ૪) સ્નાન.

૫) કર્માદાન કોને કહે છે ?

જ. :૫) જે ધંધા અને કાર્યોમાં વિશેષ હિંસા આદિ કારણોથી કર્મોનો વિશેષ બંધ થાય છે તેને કર્માદાન કહે છે.

---

પ્રશ્ન - ૨ : આચારાંગ સૂત્રના આધારે જવાબ લખો :

૧) વ્રજભૂમિના લોકો કેવા હતા ?

જવાબ-૨ :૧) વ્રજભૂમિના લોકો રૂક્ષ આહાર કરતા હોવાથી સ્વભાવથી ઘણા ક્રોધી હતા તેથી તેઓ સાધુને જોઈને તેને કષ્ટ આપતા હતા.

૨) ભગવાને શરીર પરના મમત્વનો ત્યાગ કરી દીધો હતો, તે શેના પરથી સમજાય છે ?

જ. :૨) જ્યારે ભગવાન ગોદુહ આસન કે ઉત્કૃષ્ટ આસન આદિમાં બેઠા હોય ત્યારે લાઢ દેશના અનાર્ય લોકો તેમને ધક્કા મારતા હતા - તે ઉપરથી કહી શકાય.

૩) ભગવાન અકષાયી હતા તેમ શા પરથી કહી શકાય ?

જ. : ૩) **શબ્દ, રૂપ આદિ ઈન્દ્રિયોના અનુકૂળ વિષયોમાં રાગ અને પ્રતિકૂળ વિષયોમાં દ્વેષ ન કરતાં ધ્યાનમાં મગ્ન રહેતા હતા-તેથી કહી શકાય કે ભગવાન અકષાયી હતા.**

---

**પ્રશ્ન – ૩ : ઠાણાંગ સૂત્રના આધારે જવાબ લખો : (છમાંથી કોઈ પણ પાંચ)**

૧) દેવવિમાન કયા આકારવાળા છે ?

જ. :૧) **દેવવિમાન ૩ સંસ્થાન, આકારવાળા છે. ૧) વૃત્ત : જે વિમાન ગોળાકારે છે તે કમળની કર્ણિકા (મધ્યભાગ)ના આકારે હોય છે. સર્વ દિશાઓ અને વિદિશાઓમાં કોટથી દોરાયેલા હોય છે. તેને એક દ્વારા હોય છે. ૨) ત્રિકોણ : જે વિમાન ત્રિકોણ છે, તે સિંઘોડાના આકારે હોય છે. બે તરફ કોટ અને એક તરફ વેદિકાથી ઘેરાયેલા હોય છે. તેને ત્રણ દ્વાર હોય છે.**

**૩) ચતુષ્કોણ : જે વિમાન ચતુષ્કોણ છે, તે અખાડાની આકારે હોય છે. ચારે તરફ તથા ચારે દિશાઓ અને વિદિશાઓમાં વેદિકાથી ઘેરાયેલા હોય છે, તેને ચાર દ્વાર હોય છે.**

૨) સાધુના ત્રણ મનોરથ કયા ?

જ. : ૨) **સાધુના ૩ મનોરથ : ૧) ક્યારે હું અલ્પ અથવા અધિક શ્રુતજ્ઞાનનો અભ્યાસ કરીશ ? ૨) ક્યારે હું એકલવિહારી પ્રતિમાનો સ્વીકાર કરીશ ? ૩) ક્યારે હું જીવનના અંતે આહાર અને કષાયનાા ત્યાગરૂપ સંલેખનાની આરાધના કરી, આહાર-પાણીનો ત્યાગ કરી, પાદોપગમન સંથારો કરી મૃત્યુની ઈચ્છા કર્યા વિના વિચરીશ ?**

૩) સ્થવિર કોને કહેવાય ?

જ. : ૩) **સ્થવિર : દીર્ઘ દીક્ષા પર્યાયવાળા સંયમમાં સ્થિર હોય અને જે સંયમથી ડગતાને (બીજાને) સ્થિર કરે તે સ્થવિર. ૧) જાતિય સ્થવિરઃ ૬૦ વર્ષથી ઉપરના સાધુ. ૨) શ્રુતસ્થવિર - ઠાણાંગ, સમવાયાંગ સૂત્રના અર્થના જાણનાર સાધુ.**

**૩) પર્યાય સ્થવિરઃ ૨૦ વર્ષથી દીક્ષાપર્યાયવાળા સાધુ.**

૪) દીર્ઘ આયુષ્ય બાંધવાના ત્રણ કારણો કયા ?

જ. : ૪) **દીર્ઘ આયુષ્યકર્મ બાંધવાના ૩ પ્રકારઃ ૧) હિંસાનો ત્યાગ કરે, ૨) અસત્યનો ત્યાગ કરે, (૩) તથારૂપના શ્રમણ-માહણને (પૂર્ણ અહિંસક શ્રમણને) પ્રાસુક, એષણીય, અશન, પાન, ખાદિમ, સ્વાદિપ રૂપ આહારનું દાન આપે.**

૫) કોના ઉપકારનો બદલો ચૂકવવો કઠિન છે ?

જ. : ૫) **૧) માતા-પિતા ૨) પાલન-પોષણ કરવાવાળા (ઉપકારી શેઠ વગેરે), ૩) ધર્માચાર્ય.**

૬) કયા ત્રણ પ્રકારે દેવ પશ્ચાતાપ કરે છે ?

જ. :૬) **૧ ( અહો ! મેં શારીરિક બળ, વીર્ય, પુરુષાકાર પરાક્રમ અથવા ઉપદ્રવરહિત સુકાળમાં આચાર્ય અને ઉપાધ્યાયના સંયોગ મળવા છતાં નીરોગી શરીર હોવા છતાં પણ ઠાણાંગ સૂત્રોનું અધિક અધ્યયન કર્યું નહિ. ૨) અહો ! મેં આ લોકસંબંધી વિષયભોગોની તૃષ્ણાથી, પરલોકથી વિમુખ થઈને, દીર્ઘકાળ સુધી શ્રમણ ધમનું પાલન કર્યું નહિ. ૩) અહો ! લાંબા કાળ સુધી મેં ઋદ્ધિ, રસ અને શાતા ગૌરવથી યુક્ત થઈ, કામભોગોમાં ગુદ્ય થઈને વિશુદ્ધ ચારિત્રનું પાલન કર્યું નહિ.**

---

**પ્રશ્ન – ૪ :જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે જવાબ લખો :**

૧) વિજય ચોરને ચોરીના માલ સાથે પકડી નગર વચ્ચેથી કઈ રીતે લઈ જવાયો ?

જવાબ- ૪ :૧)વિજય ચોરને ચોરીના માલ સાથે પકડી નગરરક્ષકોએ ગળામાં રસ્સીથી બાંધી જીવતો પકડી લીધો. પછી હાથની મૂઠ્ઠી, ઘૂંટણો અને કોણીઓના પ્રહાર કરીને તેના શરીરને ઢીલું પાડી દીધું. (એટલો માર માર્યો). તેન બંને હાથ પીઠ પાછળ બાંધી દીધા. દેવદત્તના અલંકારો તાબામાં લીધા. વિજયચોરને ડોકથી પકડી, માલુકા કચ્છમાંથી બહાર નીકળ્યા, રાજગૃહ નગરમાં આવ્યા. નગરના રસ્તાઓ પર તેને કોરડાનો માર મારતા, લાકડીઓના પ્રહાર કરતા તેના પર રાખ, ધૂળ અને કચરો નાખતા અને માટેમોટેથી ઘોષણા કરતા બોલતા હતાઃ ''હે દુવાનુપ્રિયો ! આ વિજયચોર ગીધની સમાન માંસભક્ષી, બાળઘાતક છે. કોઈ રાજા, રાજપુત્ર કે રાજાનો અમાત્ય તેના માટે અપરાધી નથી, પણ પોતે કરેલાં કર્મનાં જ ફળ એ ભોગવી રહેલ છે'' એમ કહી જેલમાં લઈ જઈ બેડીઓથી બાંધી દીધો. તેના ભોજન-પાણી બંધ કરી દીધાં. સવારે, બપોરે અને સાંજે એને ચાબુકથી માર મારવામાં આવતો.

૨) ધન્ય સાર્થવાહે વિજય ચોર સાથે ભોજનમાં સંવિભાગ શું સમજીને કરવો પડ્યો હતો ?

જ. :૨) ધર્મ સમજીને, તપ સમજીને, લોકલાજ સમજીને, ન્યાય સમજીને નાયક સમજીને, સહચર સમજીને, સહાયક સમજીને અથવા મિત્ર સમજીને, આહાર-પાણીનો, સંવિભાગ કર્યો ન હતો, પણ પોતાના શરીરની ચિંતા એટલે કે મળ-મૂત્રના ત્યાગમાં સહાયક થાય તે માટે સંવિભાગ કરેલ હતો.

૩) કયા સાધુ-સાધ્વી અનંત સંસાર વધારે છે ?

જ. :૩) જે શરીરની વૃદ્ધિ કરવા માટે આહાર-પાણીમાં મુગ્ધ થાય છે તે અનંતસંસાર વધારે છે.

૪) જિતશત્રુ રાજાએ જિનવાણી સાંભળીને શું કર્યું ?

જ. :૪) જિતશત્રુ રાજા જિનવાણી સાંભળીને હર્ષિત અને સંતુષ્ટ થયા. તેમણે સુબુદ્ધિ પ્રધાનને કહ્યું, ''હું જિનવાણી પર શ્રદ્ધા કરું છું. યાવત્ તમે જેમ કહો છો તેમ જ છે માટે હું પણ પાંચ અણુવ્રત, ૭ શિક્ષાવ્રતરૂપ ૧૨ ધર્મનો શ્રાવકધર્મ સ્વીકાર કરું છું.'' આમ જિતશત્રુ રાજાએ ૧૨ વ્રતરૂપ શ્રાવક ધર્મનો સ્વીકાર કર્યો, શ્રમણોપાસક બની ગયા. જીવ-અજીવ તત્ત્વોનું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું. શ્રમણ નિર્ગ્રંથોને પ્રાસુક-એષણિક દાન દેતા, ધાર્મિક જીવન જીવવા લાગ્યા.

૫) ભદ્રા નાગાયતનોમાં વૈશ્રમણ દેવોને ક્યારે ભોગ ચડાવવા જતી હતી ?

જ. :૫) ભદ્રા નાગાયતનમાં વૈશ્રમણ દેવોને અષ્ટમી, ચૌદશ, અમાસ અને પૂનમના દિવસે ભોગ ચડાવતી.

૬) સુબુધ્ધિ મંત્રી કેવા હતા ?

જ. :૬) સુબુદ્ધિ પ્રધાન રાજ્યની જવાબદારી વહન કરવામાં જાગૃત રહેતા હતા અને શ્રમણોપાસક હતા.

---

પ્રશ્ન – ૫ : (ક) ઉપાસક દશાંગ સૂત્રના આધારે જવાબ લખો.

(૧) ટૂંકમાં જવાબ લખો :

I) ''તે કાળે - તે સમયે'' - એટલે શું ?

જ. : I) અવસર્પિણી કાળ - ચોથા આરામાં

II) પિશાચની તલવાર કેવી હતી ?

જ. : II) એક મોટી પાડાના શિંગડા જેવી તીક્ષ્ણ ધારવાળી તલવાર.

III) સાપનો રોષ કેવો હતો ?

જ. : III) **રોકવાને અશક્ય એવો તીવ્ર પ્રચંડ રોષ**

IV) શકેન્દ્ર મહારાજ કેવા વિમાનમાં કેટલા સામાનિક દેવો વચ્ચે બિરાજેલ હતા?

જ. : IV) **સૌધર્મવતંસક વિમાનમાં ૮૪ હજાર સામાનિક દેવોની વચ્ચે.**

V) કામદેવ શ્રાવક કઈ નગરીના હતા ? ત્યાંના રાજા કોણ હતા ?

જ. : V) **ચંપાનગરી - જિતશત્રુ રાજા.**

VI) કામદેવ શ્રાવક દેવથી ચલિત કેવી રીતે થયા ?

જ. : VI) **દેવથી ચલિત થયા જ નથી.**

૨) શકેન્દ્ર મહારાજે કામદેવ શ્રાવકની (દેવોની સભામાં) શ્રદ્ધાની પ્રશંસા કેવા શબ્દોમાં કરી ?

જ. : **૨) શકેન્દ્ર મહારાજે દેવ-દેવીઓની સામે કહ્યું કે, ''હે દેવો ! જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં ચંપા નામે નગરી છે, તેમાં કામદેવ શ્રાવક પોતાની પૌષધશાળામાં રહીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ કહેલ ધર્મનું પાલન કરતા ધર્મધ્યાન કરી રહ્યા છે. કોઈ પણ દેવ, દાનવ, યક્ષ, રાક્ષસ, કિન્નર, ગંધર્વ વગેરે તે કામદેવ શ્રાવકને નિર્ગ્રંથ પ્રવચનની શ્રદ્ધાથી ચલાયમાન કરવા, ક્ષુભિત કરવા કે ભ્રષ્ટ કરવા અસમર્થ છે.''**

૩) સાપરૂપે દેવે કામદેવ શ્રાવકને શું કહ્યું ?

જ.: **૩) સાપરૂપ દેવે કામદેવ શ્રાવકને કહ્યું, ''હે કામદેવ ! જો તું તારા શ્રાવક પ્રતોનો ભંગ નહીં કરે તો હું સડસડાટ તારા શરીર પર ચડી જઈશ, પૂંછડીથી તારી ડોક પર ત્રણ આંટા (ભરડો લેવારૂપ) લગાવી તમને લપેટાઈ જઈશ તથા મારા તીક્ષ્ણ વિષયુક્ત ઝેરી દાઢોથી તારી છાતી પર ડંખ મારીશ જેથી તું આર્તધ્યાન કરતો અકાળ જ મૃત્યુ પામીશ.''**

(ખ) **અંતગડ સૂત્રના આધારે જવાબ લખો .**

૧) અનીકસેને દીક્ષિત થયા પછી શું કર્યું ?

જવાબ:(ખ) **૩) સામાયિકથી લઈ ૧૪ પૂર્વનું અધ્યયન કર્યું. ૨૦ વર્ષ સુધી દીક્ષાનું પાલન કર્યું.**

૨) અનીકસેનનો અધિકાર કયા વર્ગનો છે ? કેટલામું અધ્યયન છે ?

જ.: **૨) ત્રીજા વર્ગનો, પહેલું અધ્યયન.**

૩) ભગવાન અરિષ્ટનેમિ કયા ઉદ્યાનમાં પધાર્યા ? તે ઉદ્યાન કેવું હતું ?

જ.: **૩) શ્રીવન ઉદ્યાન, તે દર્શનીય અને મનોહર હતું.**

૫) અનીકસેને કયા પર્વત પર અનશન લીધું ? સંલેખના સમય લખો.

જ.: **૪) શત્રુંજય પર્વત પર, એક માસની સંલેખના.**

૪) નાગ ગાથાપતિએ અનીકસેનકુમારને લગ્ન પછી શું આપ્યું ?

જ.: **૫) પ્રીતિદાન આપ્યું, તે ૩૨ કરોડ ચાંદીના સિક્કા તેમજ અન્ય બત્રીસ પ્રકારની અનેક વસ્તુઓ આપી.**

---

**પ્રશ્ન - ૬ : અનુત્તરોવવાઈ સૂત્રના આધારે જવાબ લખો.**

૧) ધન્ના અણગારે દીક્ષાના દિવસે જ ભગવાન પાસે શેની અનુજ્ઞા માંગી ?

જવાબ - ૬: **૧) જાવજ્જીવ નિરંતર છઠ્ઠના પારણે છઠ્ઠ અને પારણામાં આયંબિલ કરવા અને તપકર્મથી આત્માને ભાવિત કરી વિચરવાની - પારણામાં આયંબિલ જેવો લૂખ્ખો-સૂક્કો આહાર લેવાનો પણ આયંબિલ વિનાનો આહાર કલ્પે નહીં. તે પણ ભોજનથી ખરડાયેલા હાથથી દીધેલ આહાર કલ્પે, ખરડાયા વિનાનો ન કલ્પે, ઘરના દરેક સભ્યોના જમ્યા પછી વધેલો હોય તો કલ્પે, તે પણ ઘરમાં રાખવા**

જેવો હોય તો ન કલ્પે. તેવો આહાર કલ્પે, જેને અનેક શ્રમણો, બ્રાહ્મણો, ભિખારીઓ અને યાચકો પણ ગ્રહણ કરવાની ઈચ્છા ન કરે.

૨) ધન્ના અણગારની પગની આંગળીઓ તપના કારણે કેવી જણાતી હતી ?

જ.: ૨) તુવેરની શીંગ, મગની શીંગ, અડદની શીંગ કોમળ હોય ત્યારે જ તોડીને તડકામાં રાખવી હોય અને કરમાઈ ગઈ હોય તેવી સુકાઈને લોહી-માંસરહિત બની ગઈ હતી.

---

પ્રશ્ન - ૭ : દશવૈકાલિક સૂત્રની કડી પૂર્ણ કરો :

૧) ઈમા ............. ધમ્મપન્નત્તી

જવાબ- ૭ : ૧) ઈમા ખલુ સા છજ્જીવણિયા નામજઝયણં સમણેણં ભગવયા મહાવીરે ણં કાસવેણં પવેઈયા સુ અકખાયા સુપન્નત્તા સેયં મે અહિજિઝઉં અજઝયણં ધમ્મપન્નત્તી ॥૩॥

૨) સે અગણિંવા ....... ન ઉજ્જાલિજ્જા

જ.: ૨) સે અગણિં વા ઈંગાલં વા મુમ્મુરં વા અરિચં વા જાલં વા અચાં વા સુદ્ધાગણિં વા ઉક્કં વા, ન ઉંજિજઝા ન ઘટ્ટિજ્જા ન ભિંદિજ્જા ન ઉજ્જાલિજ્જા.

૩) નીચેના શબ્દોના અર્થ લખો :

**જવાબ સાથે :** ૧) ન આલિહિજ્જા જ.: સચેત પૃથ્વી પર લખે નહીં

૨) ન આવી લિજ્જાજ.: એક વાર નીચોવે નહીં

૩) ન આયાવિજ્જા જ.: સૂકવે નહીં

૪) ન અઈવાઈજ્જા જ.: હણીશ નહીં

૫) ન આમુસાવિજ્જા જ.: એક વાર પણ સ્પર્શ કરાવે નહીં

૬) અવણિજ્જા જ.: રાખી દે.

૪) અર્થ પરથી મૂળ પાઠ લખો. (કોઈ પણ ચાર)

**જવાબ સાથે**

| | | | |
|---|---|---|---|
| ૧) બાજોઠ પર | જ.: પીઢગંસિવા | ૨) અંકુરિત વનસ્પતિ પર | જ.: રૂઢેસુવા |
| ૩) લાકડીથી | જ.: કટ્ઠેણંવા | ૪) તિર્યંચ સંબંધી | જ.: તિરખિજોણિમં |
| ૫) ભયથી | જ.: ભયા | ૬) બીજથી ઊગતી વનસ્પતિ | જ.:: બીયરૂહા |

---

પ્રશ્ન - ૮ : ભગવતીના થોકડાના આધારે જવાબ લખો

૧) સંસાર સંસ્થાન કાળનો થોકડો કયા સૂત્રમાંથી લેવામાં આવ્યો છે ?

જવાબ - ૮ : ૧) ભગવતી સૂત્ર, શતક - ૧, ઉદ્દેશો - ૨.

૨) શૂન્યકાળ લખો.

જ. : ૨) શૂન્યકાળ : તે વિવક્ષિત જીવોના ભૂતકાળના અનંત નરક આદિ ભવોમાં તે વિવક્ષિત સમયવાળો એક પણ જીવ એની સાથે ન હોવો તે, તે જીવનો તે ગતિનો શૂન્યકાળ છે. ઉદાહરણ : ધારો કે કોઈ જીવ નરકમાં જે સમયે હતો ત્યારે નરકમાં તેની સાથે ૧૦૦ જીવો હતા. તે જીવ મરીને તિર્યંચ, મનુષ્ય કે દેવ આદિ ત્રણે ગતિમાં જઈ ફરી પાછો નરકમાં તે જ સ્થાને ઉત્પન્ન થયો ત્યારે તે નરકમાં પૂર્વેના એક પણ નારકી હતા નહિ.

૩) મનુષ્યમાં કયો કાળ થોડો અને કયો કાળ વધારે છે ?

જ.: ૩) મનુષ્યમાં સર્વથી થોડો અશૂન્યકાળ, તેથી મિશ્રકાળ અનંતગુણો, તેથી શૂન્યકાળ અનંતગુણો.

૪) સંયમ ઇહભવિક છે કે પરભવિક ? દર્શન ઈહભવિક છે કે પરભવિક ?

જ.: ૪) સંયમ ઇહભવિક છે. દર્શન ઈહભવિક, પરભવિક અને તદુભયભવિક છે.

૫) ચારિત્ર ઈહભવિક કેમ છે ?

**જ.: ૫) જીવે આ ભવમાં જે ચારિત્ર લીધું હોય તે જ ચારિત્ર લઈને બીજા ભવમાં જતો નથી. કારણ કે ગ્રહણ કરેલું ચારિત્ર જીવતાં સુધી જ હોય છે. વળી અહીં અલ્પ અંશે ચારિત્ર પાળવાથી દેવલોકમાં ઉત્પત્તિ થાય ત્યારે ત્યાં વિરતિનો તદ્દન અભાવ હોવાથી ચારિત્રનો પણ અભાવ છે તેમજ સંપૂર્ણ ચારિત્ર પાળવાથી મોક્ષગતિ જ થઈ હોય ત્યારે તે ગતિમાં ચારિત્ર અસંભવ છે કારણ કે ચારિત્ર અંગીકાર કર્મના ક્ષય માટે છે. મોક્ષમાં ચારિત્રનું કોઈ પ્રયોજન નથી.**

---

**પ્રશ્ન – ૯ : પ્રજ્ઞાપના થોકડાના આધારે જવાબ લખો :**

૧) ઉત્કૃષ્ટ ચાર સિધ્ધ થતા હોય તેવા ચાર બોલ લખો.

જવાબ - ૯ :૧) **૧) ઊર્દ્વલોકમાંથી ૨) ઊર્દ્વ દિશામાંથી ૩) ભદ્રશાલવન ૪) નંદનવન ૫) સોમનસવનમાંથી**

૨) ઉત્કૃષ્ટ દ્વાર લખો.

| | જઘ. | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| **જ.: ૨) ઉત્કૃષ્ટ દ્વારઃ ૧) અપડિવાઈ (અપ્રતિપાતી) સિદ્ધ થાય તો -** | **૧** | **૪** |
| **૨) અનંતકાળના પડિવાઈ પ્રતીપાતી સિદ્ધ થાય તો** | **૧** | **૧૦૮** |
| **૩) અસંખ્યાતકાળ અને સંખ્યાતકાળના પડિવાઈ** | **૧** | **૧૦** |

૩) ખાલી જગ્યા પૂરો.

**જવાબ સાથે** :૧) છ સમય સુધી પ્રતિસમય નિરંતર સિદ્ધ થાય તો જઘન્ય **૪૯** ઉત્કૃષ્ટ **૬૦**થાય પછી નિયમા અંતર પડે.

૨) અવસર્પિણી કાળના પાંચમા આરે એક સમયમાં **૨૦** સિદ્ધ થઈ શકે. તે આરામાં નિરંતર **૪** સમય સુધી સિદ્ધ થઈ શકે, પછી અંતર પડે છે.

૪) ૨૫૬ રાશિ (ઢગલા)માંથી ૩જો, ૫મો, ૭મો બોલ લખો.

**જ.: ૪)** **૩જો બોલ : સુપ્ત જીવો – ૪ ઢગલા જાગૃત જીવના ૨૫૨ ઢગલા**

**૫મો બોલ : શાતા વેદનીય વેદનાવાળા ૧૬ ઢગલા અશાતના વેદનાવાળા ૨૪૦ ઢગલા.**

**૩જો બોલ : અનાકાર ઉપયોગવાળા (દર્શની) ૬૪ ઢગલા. સાકાર (જ્ઞાની) ઉપયોગવાળા ૧૯૨ ઢગલા.**

---

**પ્રશ્ન – ૧૦** : ૧) સમવાયાંગ સૂત્રના ૧૦૦મા સમવાયમાં શું માહિતી છે ?

જવાબ : ૧૦: ૧) **૧૦૦મા સમવાયમાં ભગવાન પાર્શ્વનાથ અને સ્થવિર આર્ય સુધર્મા સ્વામીનું આયુષ્ય ૧૦૦ વર્ષનું હતું વગેરે માહિતી છે.**

૨) કેશીકુમાર શ્રમણ અને પરદેશી રાજાના પ્રશ્નોત્તરથી પરદેશી રાજા કેવા બની ગયા ? એક રાજાની સળંગ ભવકથાનું સૂત્ર કયું ?

**જ.: ૨) પરદેશી રાજા અરમણીયમાંથી રમણીય, અધાર્મિકમાંથી ધાર્મિક, નાસ્તિકમાંથી આસ્તિક બની ગયા. રાયપસેણીય સૂત્ર.**

૩) સૂયગડાંગ સૂત્રમાં કેટલા પાખંડીની વાત છે ? કયા કયા ?

**જ.: ૩) સૂયગડાંગ સૂત્રમાં ૩૬૩ પાખંડીની વાત છે. ૧૮૦ ક્રિયાવાદી, ૮૪ અક્રિયાવાદી, ૬૭ અજ્ઞાનવાદી, ૩૨ વૈનયિકો છે.**

**॥ જય જિનેન્દ્ર ॥**